## Anādi Muktanee Sevā

અનાદિ મુક્તની સેવા, મારે તો મીઠડા મેવા,

Anādi muktanee sevā, māre to meethadā mevā,

મારે તો મીઠડા મેવા, શ્રીજીની મૂર્તિમાં રહેવા…અનાદિ…ટેક

Māre to meethadā mevā, Shreejinee murtimā rahevā…Anādi…(chorus)

કર્યા મોટા સંતને રાજી, તેણે સર્વે દેવ પૂજ્યાજી,

Karyā motā santane rājee, tene sarve deva poojyājee,

કશી તેને ન રહી ખામી, મળ્યા એને સહજાનંદ સ્વામી…અનાદિ…૧

Kashee tene na rahee khāmee, malyā ene Sahajānand Swami…Anādi…1

મનુષ્યભાવ દિવ્ય પરમાણી, અલૌકિક મહિમા ઉર આણી,

Manushhyabhāv divya paramānee, alaukik mahimā ur ānee,

કર્યું જેણે હેત તે સાથે, જન્મમરણ નથી માથે…અનાદિ…૨

Karyu jene heta te sāthe, janmamaran nathee māthe…Anādi…2

મોક્ષના દાતા શ્રીહરિ, કાં હરિના મુક્ત સુખકારી,

Mokshanā dātā Shreehari, kā Harinā mukta sukhakāree,

પ્રગટ પ્રભુ વિના ભાઈ, કોઈ રીતે મોક્ષ નવ થાઈ…અનાદિ…૩

Pragat prabhu vinā bhāee, koee reete moksha nava thāee…Anādi…3

શ્રીજીની કૃપાથી આજે, અનાદિ મુક્ત બિરાજે,

Shreejinee krupāthee āje, anādi mukta birāje,

દાસાનુદાસ કહે રાચી, માની લ્યો વાત એ સાચી…અનાદિ…૪

Dāsānudās kahe rāchee, mānee lyo vāt e sāchee…Anādi…4

© Maninagar Shree Swaminarayan Gadi Sansthan, 2004
www.SwaminarayanGadi.com